## વિશિષ્ટ બાળકોનું શિક્ષણ – વર્કશોપ

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.*30-10-2017 *થી તા.*03-11-2017 *સુધી બી.એમ.ઈન્સ્ટીટ્યુટ ઓફ મેટલ હેલ્થ, અમદાવાદના સહયોગથી તેમજ રાષ્ટ્રીય પુનર્વસનની માન્યતા સાથે "વિશિષ્ટ બાળકોનું શિક્ષણ" વિષય પર પાંચ દિવસનો વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમનું આયોજન એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આખા ગુજરાતમાંથી વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત* 38 *શિક્ષકોએ ભાગ લીધો.*

*ઉપરોક્ત કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પંકજભાઈ જાની સાહેબે હાજર રહી તમામ પ્રતિભાગીઓને આર્શીવચન પાઠવ્યા હતાં.તેમજ તેઓ ખૂબ જ ઉમદા વ્યવસાયમાં કાર્ય કરી રહ્યાં છે અને દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપી પુણ્યશાળી કાર્ય કરી રહ્યાં છે તેમ જણાવ્યું હતું. માનનીય કુલપતિશ્રી પંકજ જાની સાહેબ વર્કશોપના પૂર્ણાહુતી કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા અને તમામ પ્રતિભાગીઓને પોતાના હાથે પ્રમાણપત્રો પાઠવ્યા. પ્રતિભાગીઓએ પોતાના મંતવ્યોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત વર્કશોપમાં ઘણી જ નવી બાબતો શીખવા મળ્યાનો એકરાર કર્યો અને ભવિષ્યમાં પણ આવા કાર્યો થતાં રહે તે માટે અરજ કરી. અંતમાં શિક્ષણશાસ્ત્રભવનના નિયામક શ્રી ડૉ. અજીતસિંહ રાણા સાહેબે સર્વેનો આભાર વ્યક્ત કર્યો.*



